# ઈસ્ત્રાએલીઓએ શું કરવું જોઈએ તે યહોશુઆએ જોયું

જ્યારે દેવ આપણને દર્શન આપે છે ત્યારે આપણે તેની પૂરી
માહિતી જાણીને આધિન થવા માટેની યોજના બનાવવી જોઈએ.

ચાલુ જરૂરિયાતો કે જેને માટે કાર્યકારો પાસે સમય છે. તેવી પ્રવૃતિઓ પસંદ કરો. બાળકોના શિક્ષકોએ સ્ડટી વાંચવો.

**૧. દેવને આધિન થવા પ્રાર્થના અને દેવના વચન વડે તૈયારી કરો.**

**પ્રાર્થના** : વ્હાલા ઈસુ, તમે અમારા સેનાપતિ છો. તમે શું કરવા માંગો છો તે અમને બતાવો. અમારે શું કરવું તે અમને કહો. અમને સારી માહિતી પ્રાપ્ત થાય જેથી અમે સમજ પૂર્વકની પસંદગી કરી શકીએ.

**ગણ:૧૩:૧-૧૬માંથી શોધો.**

- દેવ શું કરવા માંગતો હતો ? (કલમર ઈસ્ત્રાએલીઓને કનાન દેશ આપવા માંગતો હતો)
- લોકોએ શું કરવાનું હતું?(દેશની જાસુસી કરવાની હતી. તેનો અર્થ જાઓ અને તે દેશની માહિતી મેળવો.)
- તેમને આમ કરવાની આજ્ઞા કોણે આપી ?(૩)

**ગણ ૧૩:૧૭-૨૪** જાસુસોએ શું જાણવાનું હતું.

- ક્યાં જવું તે (ક.૧૭ નોંધ-કનાનના બે મુખ્ય પ્રદેશો હતા. પહાડી પ્રેદશ અને નેગેબમાં નીચાણનો પ્રદેશ)
- ત્યાંના લોકોની શક્તિ વિષે (૧૮)
- ત્યાના લોકોની સંખ્યા વિષે
- તે દેશ વિષે
- ત્યાંના નગરો વિષે
- ત્યાંની ખેતી વિષે
- ત્યાંના જંગલો વિષે
- સ્થાનિક ઉત્પાદન વિષે



**સારી જાણકારી મેળવો**

પ્રભુએ આપણને કહ્યું છે કે દરેક ભાષાના, જાતિના લોકોમાં અને દેશોમાં જઈને શિષ્યો બનાવો. દરેક જાતિના લોકો વિષે આપણે મેળવી શકીએ એટલી માહિતી મેળવવી જોઈએ જેથી આપણે સમજણપૂર્વકની પસંદગી કરી સકી કે ક્યા કુટુંબો કે  માણસો  સુવાર્તાનો સારો પ્રતિભાવ આપશે જેથી કરીને આપણે તેઓમાંથી શિષ્યો કરી શકીએ. લોકોને શોધવા એ ફસલ લણવા બરાબર પ્રભુ ઈસુએ ગણેલું છે માટે આપણે ત્રણ પ્રકારની જાણકારી મેળવવી જોઈ.

**ફસલયુક્ત ખેતરો વિષે**

અ. દરેક વિસ્તારમાં જુદી જુદી કઈ જાતિના લોકો વસે છે.

બ. દરેક જાતિના લોકોની વસ્તી કેટલી છે.

ક. તેમની ભાષા, સામાજિક કક્ષા, નાત, આર્થિક સ્થિતિ, અને મુખ્ય સાંસ્કૃતિક ખાસિયતો કઈ છે.

ડ. તેઓની અંદરોઅંદરની માહિતી વ્યવહારની પ્રથા કેવી છે.

ઈ. તેમની ધાર્મિક માન્યતાઓ અને આધ્યાત્મિક ક્રિયાઓ

ફ. તેઓ ઈસુ વિષે શું જાણે છે અને ખ્રિસ્તીઓ પ્રત્યેનો તેમનો વ્યવહાર કેવો છે.

**ફસલ લણનારા કેટલા**

અ. તેમનામાં શિષ્યો બનાવવાનો પ્રયત્ન કરતી બીજી મંડળીઓ, મીશનો અને એજન્સીઓ કઈ કઈ છે.

બ. તેઓ કઈ જાતિઓમાં કામ કરે છે.

ક. તેમની ઓફિસો ક્યાં છે અને તેમના સેવકો ક્યાં રહે છે.

ડ. તેઓ સારી રીતે કામ કરી શકે છે કે કેમ

ઈ. તેમના કાર્યકરોની સામાજિક, સાંસ્કૃતિક અને ભાષાકીય ખાસિયતો કઈ છે.

ફ. આમાંની કઈ સંસ્થાઓ તમને સહકાર આપે કે એકબીજા સાથે સહકાર રાખશે.

**ફસલ ઉત્પાદન વિષે**

અ. દરેક જાતિના કેટલા ટકા શિષ્યો બન્યા છે.

બ. આ ટકાવારી વધી રહી છે કે ઘટી રહી છે.

૫. દર વર્ષે બાપ્તિસ્મા પામતા વિશ્વાસીઓનો દર કેટલો છે.

ડ. દર વર્ષે કેટલી મંડળીઓ અને જૂથો નવા સ્થપાઈ રહ્યાંછે (તેમનો દર)

ઈ. મંડળીના નવા આગેવાનો કેવી રીતે તૈયાર થઈ રહ્યાં છે.

ફ. જુદી જુદી કઈ પદ્ધતિઓ દ્વારા નવા શિષ્યો બનાવાઈ રહ્યા છે.

**યહો. ૧:૧-૧૧** દેવે યહોશુઆને કેવું દર્શન આપ્યું.

- દેવની પ્રતિજ્ઞાઓ (૨અને૫)
- યહોશુઆની આધિનતા (૮ અને ૯)
- યહોશુઆની યોજનાઓ (૧૦ અને ૧૧)

**૨. સાથીદારો સાથે આવનાર અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

નવા આગેવાનોને તાલિમ આપતા સેશન દરમ્યાન તેમને પોતાનું દર્શન સ્પષ્ટ કરવામાં મદદ કરો. તેઓ પોતાનું દર્શન કઈ રીતે પરિપૂર્ણ કરી શકે તે માટે તેમનેયોજનાઓમાં સહાય કરો અને તેઓ સારી જાણકારી પ્રાપ્ત કરી શકે માટે તેમને દોરવણી આપો.


તમારા સમાજના લોકોમાં પાકી ચુકેલી ફસલ બાબતના ભાગ-૧ ના પ્રશ્નોમાંથી જવાબો આપવાનો પ્રયત્ન કરો.

તમારી નજીકના અન્ય જાતિના લોકો બાબતના ભાગ-૧ ના પ્રશ્નોના જવાબો આપવાનો પ્રયત્ન કરો.

સારી જાણકારી મેળવવા માટે અન્ય ચર્ચો અને સંસ્થાઓનો સંપર્ક કરવાની ગોઠવણ કરો. અથવા તેને માટે સહકાર સાધો.

જો બીજાઓ સંમત હોય તો તમારા વિસ્તારના તમામ જાતિના લોકો વિષેની માહિતી એકત્ર કરવા અને આપસ આપસમાં વહેંચવા માટે એક રીસર્ચ ગ્રુપ (શોધ સમિતિ) ની રચના કરો.

તમારા દેશના ખ્રિસ્તી રીસર્ચ(શોધ) ના કાર્ય માટે અન્ય ખ્રિસ્તી આગેવાનો સાથે પૂછપરછ કરો. આ કાર્ય જે ઓફિસોએથી થતું હોય તેનો સંપર્ક કરી એ જાણો કે તમારા વિસ્તારમાં ખ્રિસ્તની સુવાર્તાના સંબંધમાં પહોંચી શકાયા ન હોય તેવા લોકો અને વિસ્તારો ક્યાં છે.




**૩. આવનારી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

ગણ ૧૩ અને ૧૪ અધ્યાયોમાંથી કનાનમાં જે જાસુસો ગયા તેમની વાર્તા વાંચો અથવા ભજવી બતાવો. આ બાબતોનું ધ્યાન દોરો કે :-

- લોકોએ આધિન થવાનો ઈન્કાર કર્યો એટલા માટે તેઓ ચાલીસ વર્ષો સુધી, એટલેકે તે બધા મરણ પામ્યા ત્યાં સુધી અરણ્યમાં ભટકતા ફર્યા.
- યહોશુઆ અને કાલેબ ખૂબ જ વિશ્વાસુ હતા કે જેઓ નવી પેઢીને કનાન દેશમાં દોરી ગયા.

**બાળકો**એ તૈયાર કરેલ બાબતો તેમને રજુ કરવા દો.

સામાજિક અસ્વીકૃત લોકોની માહિતી તપાસ બાબતે **ચર્ચા કરો**. ત્યાં કાર્યકરોને મોકલવા બાબતે વિચારો. જો આ કાર્ય કોઈએ કર્યું હોય તો તેમને હેવાલ આપવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે યો.૨૧:૯-૧૪ વાંચો. સમજાવો કે થોડા જ સમયમાં આપણે પણ ઈસુની સાથે પુનરૂત્થાનમાં સાથે જમણમાં ભાગીદાર બનીશું. આપણું લક્ષ્ય બધા લોકો આ મહાન ભોજનમાં ભાગીદાર બને તે છે.

બે કે ત્રણના નાના ગ્રુપના નજીકના નકારાયેલા લોકો માટે પ્રાર્થના કરો અને તેઓમાં જેઓ સેવા કરવા માંગે છે તેમના માટે પ્રાર્થના કરો.

સાથે મળીને ગણ ૧૩:૧૮ **મુખપાઠ કરો.**

**તમારા લોકને શિખવવા માટેના શબ્દો**

**સંશોધન (રીસર્ચ)** લોકો અને સ્થળો વિષેની ચોક્કસ માહિતી કાળજીપૂર્વક શોધવી જેથી તેમને કેવી રીતે સહાય કરી શકાય તેવી યોજના બનાવવામાં મદદરૂપ થઈ શકે.

**પહોંચ્યા ન હોય તેવા સ્થાનો (અનરીચ્ડ) :-** એવી જાતિઓ કે પ્રજાઓ કે જેમાં એટલા ખ્રિસ્તીઓ કે મંડળીઓ નથી કે જેઓ પોતાની જાતિના લોકોમાં બીજા ખ્રિસ્તીઓની મદદ વગર સુવાર્તાનું કાર્ય કરી શકે.

**ફસલયુક્ત ખેતરો(હાર્વેસ્ટ ફિલ્ડ):-** ત્યાં વસતા ન પહોંચી શકાએલા લોકો કે સ્થાનો.

**ફસલ લણનારા (હાર્વેસ્ટ ફોર્સ):-** આ જાતિના લોકોમાંથી શિષ્યો બનાવવામાં મદદરૂપ થવા માંગતા ખ્રિસ્તી લોકોની સંખ્યા.

**ફસલ ઉત્પાદન (હાર્વેસ્ટ યીલ્ડ):-** એવી જાતિઓમાંથી જેઓએ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે અને બાપ્તિસ્મા પામ્યા છે તેવા લોકો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.